પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૪૪ | ૨૪ એપ્રિલ, ૨૦૨૩, સોમવાર; વૈશાખ સુદ - ૦૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આખરે, અમૃતપાલસિંઘનું આત્મસમર્પણ

**અમૃતપાલસિંહ ૩૬ દિવસ બાદ પોલીસના સકંજામાં, મોગા ગુરુદ્વારામાંથી ઝડપાયો : અમૃતપાલને સીધો મોકલવામાં આવશે આસામની ડિબ્રુગઢ જેલમાં : અજનાલા કાંડની ઘટના બાદ તે ફરાર થઈ ગયો હતો : અમૃતસરના તમામ સાથીઓની ધરપકડ થઈ ચૂકી છે**

ચંદીગઢ, તા.૨૩

પંજાબ પોલીસે છેવટે ૩૬ દિવસ પછી વારિસ દે પંજાબના ચીફ અમૃતપાલ સિંહની ધરપકડ કરી લીધી છે. ખાલિસ્તાન સમર્થકને પોલીસે મોગાના ગુરુદ્વારામાંથી ધરપકડ કરી લીધી છે, અજનાલા કાંડની ઘટના બાદ તે ફરાર થઈ ગયો હતો. ભાગેડુની પત્ની કિરણદીપ કૌરને ત્રણ દિવસ પહેલા જ ગુરુવારે (૨૧ એપ્રિલ) અમૃતસર એરપોર્ટ પર અટકાયત કરવામાં આવી હતી. અમૃતસરના તમામ સાથીઓની ધરપકડ થઈ ચૂકી છે. તેના સાથીદારોની સતત પુછપરછ કરવામાં આવી રહી





હતી. એવું માનવામાં આવે છે કે, પોલીસે તેની પત્ની પર દબાણ શરૂ કર્યા પછી જ તે પણ કસ્ટડીમાં આવ્યો. અમૃતપાલને ડિબ્રુગઢ જેલમાં મોકલવામાં આવી શકે છે. જ્યારે તે ફરાર હતો ત્યારે તેને સોશ્યલ મીડિયાના માધ્યમથી તેને કેટલાય વીડિયો શેર પણ કર્યા હતા.

અમૃતપાલની ધરપકડ બાદ પંજાબ પોલીસે ટ્વીટ કરીને આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું કે, મોગમાંથી અમૃતપાલની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે પોલીસે લોકોને શાંતિ અને સલામતી જાળવવા

● અનુસંધાન પાન-૭ પર

# આજે અને કાલે મોદીનો ઝંઝાવાતી પ્રવાસ

**મોદી ૨૪ અને ૨૫ એપ્રિલે બે દિવસીય પ્રવાસ પર જશે : ૩૬ કલાકમાં ૫૩૦૦ કિમીની મુસાફરી કરશે : વડાપ્રધાનનો કાર્યક્રમ દિલ્હીથી શરૂ થશે અને મધ્યપ્રદેશ થઈને તેમની યાત્રા દક્ષિણ ભારતના કેરળ સુધી જશે**

નવી દિલ્હી, તા.૨૩

વડાપ્રધાન મોદી ૨૪ એપ્રિલની સવારે યાત્રાની શરૂઆત કરશે. પીએમની આ યાત્રા દિલ્હીથી શરૂ થશે જેમાં તેઓ ૭ અલગ-અલગ શહેરોમાં ૮ કાર્યક્રમોને સંબોધિત કરશે. વડાપ્રધાન મોદી રાજધાની દિલ્હીથી ખજુરાહો સુધી લગભગ ૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. આ પછી, તેઓ ખજુરાહોથી રીવા જશે, જ્યાં તેઓ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે. ખજુરાહોથી પીએમ મોદી યુવમ કોક્લેવમાં ભાગ લેવા માટે લગભગ ૧૭૦૦ કિમીનું હવાઈ અંતર કાપીને કોચી જશે.

વડાપ્રધાનની આ મુલાકાત બીજા દિવસે સવારે પણ ચાલુ રહેશે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન લગભગ ૧૯૦ કિલોમીટરનું અંતર કાપીને કોચીથી તિરુવનંતપુરમની યાત્રા કરશે. અહીં તેઓ વંદે ભારત એક્સપ્રેસને ફ્લેગ ઓફ કરશે અને વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે. અહીંથી તેઓ સુરત થઈને સિલ્વાસા જશે, જે લગભગ

● અનુસંધાન પાન-૭ પર

# શ્રદ્ધાળુઓને હવામાનની આગાહી અનુસાર યાત્રા શરૂ કરવા વિનંતી

કેદારનાથ, તા.૨૩

ઉત્તરાખંડ સરકારે રવિવારે એલર્ટ જારી કરીને કહ્યું છે કે કેદારનાથ ધામમાં છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા વરસાદ અને હિમવર્ષાને જોતા, તમામ શ્રદ્ધાળુઓને સાવચેત રહેવા અને હવામાનની આગાહી અનુસાર તમારી યાત્રા શરૂ કરવા વિનંતી કરી છે. હકીકતમાં, કેદારનાથ ધામમાં સતત વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. ભારત અને વિદેશથી કેદારનાથ ધામમાં આવતા તમામ શ્રદ્ધાળુઓને કેદારનાથ ધામ જતા પહેલા હવામાનની સ્થિતિ જાણવા માટે સરકાર દ્વારા જાણ કરવામાં આવી છે, જ્યારે તેઓને ગરમ વસ્ત્રો સહિતની તમામ જરૂરી વસ્તુઓ સાથે લઈ જવા માટે કહેવામાં આવ્યું છે.

# દેશની પ્રથમ વોટર મેટ્રો કેરળના કોચીમાં શરૂ થશે

**મોદી તિરુવનંતપુરમથી તેનું ઉદ્ઘાટન કરશે : કોચી વોટર મેટ્રોનું નિર્માણ પોર્ટ સિટીમાં રૂ. ૧,૧૩૬.૮૩ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે : ૧૦ ટાપુઓને જોડાશે**

નવી દિલ્હી, તા.૨૩

જમીનથી પાણીની નીચે મેટ્રો દોડ્યા બાદ હવે ટૂંક સમયમાં મેટ્રો પાણી પર પણ દોડશે. દેશની પ્રથમ વોટર મેટ્રો કેરળના કોચીમાં શરૂ થવાની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મીએ તિરુવનંતપુરમથી તેનું ઉદ્ઘાટન કરશે.

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને તેને રાજ્યનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવ્યો છે.



કોચી વોટર મેટ્રોનું નિર્માણ પોર્ટ સિટીમાં રૂ. ૧,૧૩૬.૮૩ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ કોચીની આસપાસ સ્થિત ૧૦ ટાપુઓને જોડવામાં આવશે. આ માટે બેટરીથી ચાલતી હાઈબ્રિડ બોટનો ઉપયોગ કરવામાં આવશે. જ્યાં આ બોટોમાં અદ્યતન ટેકનોલોજી હશે. સાથે જ તે ઈકો ફ્રેન્ડલી પણ હશે. કેરળ વોટર મેટ્રો સંપૂર્ણ એરકન્ડિશન્ડ, ઈકો-ફ્રેન્ડલી હોવા ઉપરાંત દિવ્યાંગો માટેની સુવિધાઓ પણ મળશે.

વોટર મેટ્રો પ્રોજેક્ટમાં ૭૮ ઈલેક્ટ્રિક બોટ અને ૩૮ ટર્મિનલ હશે. આ પ્રોજેક્ટ માટે કેરળ સરકાર અને KFW દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. KFW એ ફંડિંગ એજન્સી છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં તેને હાઈકોર્ટ-વાઈપિન ટર્મિનલ અને વિટ્ટીલા-કક્કનાડ ટર્મિનલ વચ્ચે શરૂ કરવામાં આવશે.

# ડોન મુખ્તાર અંસારીની પત્ની પોલીસની રડારમાં

લખનઉ, તા.૨૩

અતીક અહેમદની પત્ની શાઈસ્તા પરવીન પછી હવે માફિયા ડોન મુખ્તાર અંસારીની પત્ની અફશા અંસારીની તપાસ પણ પોલીસ કરી રહી છે. પોલીસે અફસા પર ઈનામની રકમ ૨૫ હજારથી વધારી ૭૫ હજાર કરી દીધી છે. નોંધનીય છે કે અફસા અંસારી ગેંગસ્ટરમાંથી રાજકારણમાં પ્રવેશેલા મુખ્તાર અંસારીની પત્ની છે. નોંધનીય છે કે શાઈસ્તા અને અફસા અંસારી બંને વચ્ચે ઘણી સામ્યતા છે. અફસાની વાત કરીએ તો તે પણ મોસ્ટ વોન્ટેડ છે. તો ચલો આપણે અફસા અંસારી કેમ ચર્ચામાં આવી રહી છે એના પર નજર કરીએ.

પોલીસ રિપોર્ટ્સ પ્રમાણે અફસા વિરૂદ્ધ ૯ હ્લૈંઇ દાખલ કરી દેવામાં આવી છે. આની સાથે જ તેની મની લોન્ડરિંગ કેસમાં પણ સંડોવણી થઈ હતી. તે મુખ્તાર અંસારી સામે નોંધાયેલાઁ સ્ન્છ હેઠળના મની લોન્ડરિંગ કેસની સહ આરોપી છે. ગેંગસ્ટર મુખ્તારને ૨૦૦૫માં જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. ત્યારથી જ તેની પત્ની ગેંગને ચલાવી રહી છે.

# યુકે જવા માટે એક યુવકે પોતાનો ધર્મ બદલી નાખ્યો

**આ યુવક યુકે પહોંચે એ પહેલાં જ મુંબઈમાં ઝડપાઈ ગયો હતો : આ યુવક મૂળ ગુજરાતના પોરબંદરનો હતો**

મુંબઈ, તા.૨૩

લોકોને વિદેશ જઈને ત્યાં સ્થાયી થવાની ગેલછાં ખૂબ જ હોય છે. ખાસ કરીને ભારતીયોને વિદેશ જવાની ખૂબ જ ઘેલછાં હોય છે. ત્યારે કેટલાંક લોકો વિદેશ જવા માટે મસમોટી રકમ એજન્ટે ચૂકવતા જરાય અચકાતા નથી. તો કટેલાંક લોકો વિદેશ જવા માટે કાંડ પણ કરતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો મુંબઈમાંથી સામે આવ્યો છે. મુંબઈ ઈન્ટરનેશલ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓએ પોરબંદરના એક ૨૦ વર્ષીય યુવકને રોક્યો હતો. આ યુવકે વિદેશ જવા માટે મોટો કાંડ કર્યો હોવાનું સામે આવ્યું હતું. આ યુવકે યુકે જવા માટે પોતાનો ધર્મ જ બદલી નાખ્યો હતો. તેણે

● અનુસંધાન પાન-૭ પર

# અર્શદીપ સિંહે સતત બે બોલ પર કર્યા સ્ટમ્પના ટૂકડે-ટૂકડાં

**IPLને થયું આટલા લાખોનું નુકસાન : એલઈડી સ્ટમ્પ અને જિંગ બેલ્સના એક સેટની કિંમત લગભગ ૪૦ હજાર ડોલર એટલે કે લગભગ 30 લાખ રુપિયા છે**

મુંબઈ, તા.૨૩

IPL ૨૦૨૩ના ૩૧માં મુકાબલામાં પંજાબ કિંગ્સની ટીમે મુંબઈ ઈન્ડિયન્સને ૧૩ રનથી હરાવ્યું હતું. આ મેચમાં પહેલી બેટિંગ કરતા પંજાબની ટીમે બોર્ડ પર ૮ વિકેટ ગુમાવીને ૨૧૪ રન ફટકાર્યા હતા. જેના વળતા જવાબમાં મુંબઈની ટીમે ૬ વિકેટ ગુમાવીને ૨૦૧ રન બનાવ્યા હતા. તો પંજાબની જીતનો હીરો અર્શદીપ રહ્યો હતો. અર્શદીપે મેચમાં ચાર વિકેટો મેળવી હતી, પરંતુ અર્શદીપની તોફાની બોલિંગ બીસીસીઆઈને મોંઘી પડી ગઈ હતી. લાખો રુપિયાનું નુકસાન આઈપીએલને પહોંચ્યું હતું.




મુંબઈ ઈન્ડિયન્સને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૬ રનની જરુર હતી. ત્યારે પંજાબ કિંગ્સના કેપ્ટન સમ કરને બોલિંગ અર્શદીપને સોંપી હતી. તેણે છેલ્લી ઓવરમાં શાનદાર બોલિંગ કરી હતી અને જીત અપાવી હતી. અર્શદીપના પહેલાં બોલે ટિમ ડેવિડે એક રન લીદો હતો. પછી બીજા બોલ પર તેણે કોઈ પણ રન આપ્યો નહોતો. બાદમાં ત્રીજા બોલ પર તેણે તિલક વર્માને ક્લીન બોલ્ડ કર્યો હતો અને મિડલ સ્ટમ્પ પણ તોડી નાખી હતી. એ પછી ચોથા બોલ પર પણ તેણે સ્ટમ્પ તોડતા નેહલ વઢેરાને ક્લીન બોલ્ડ કર્યો હતો. આ વખતે પણ સ્ટમ્પ તૂટીને મેદાન પર પડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સેલ્ફી લેવાના ચક્કરમાં ઉચ્ચ અધિકારીએ પોતાનો જીવ ગુમાવ્યો

**હેલીકોપ્ટરના પંખાની ઝપેટમાં આવી જતા મોત : અમિત સૈની કેદારનાથ હેલીપેડના નિરીક્ષણ માટે કેસ્ટ્રેલ એવિએશનના હેલીકોપ્ટરથી કેદારનાથ ગયા હતા**

કેદારનાથ, તા.૨૩

ઉત્તરાખંડના કેદારનાથમાં એક એવી ઘટના સામે આવી છે, જેની પાછળનું કારણ બેદરકારી માનવામાં આવી રહ્યું છે. સેલ્ફી લેવાના ચક્કરમાં એક મોટા અધિકારીને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. ઉત્તરાંખડ સિવિલ એવિએશન ડેવલપમેન્ટ ઓથોરિટી (ેંઝ્રછડ્ઢછ)ના ફાઈનાન્શિયલ કન્ટ્રોલર જિતેન્દ્રકુમાર સૈનીનું મોત થઈ ગયું. તેઓ સેલ્ફી લઈ રહ્યા હતા ત્યારે હેલીકોપ્ટરના પાછળના પંખા (ટેલ રોટર)ની ઝપેટમાં આવી જતા તેમની ગરદન કપાઈ ગઈ અને તેમનું મોત થઈ ગયું. કેદારનાથ યાત્રા શરૂ થયા પહેલા બનેલી આ ઘટનાથી ચકચાર મચી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, કેદારનાથ યાત્રા ૨૫ એપ્રિલથી શરૂ થઈ રહી છે.

વહીવટી તંત્ર તરફથી



અપાયેલી જાણકારી મુજબ, રૂદ્રપ્રયાગમાં ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ પ્રાધિકરણના ફાઈનાન્શિયલ કન્ટ્રોલર અમિત સૈનીની ગરદન હેલીકોપ્ટરના બ્લેડથી કપાઈ જતા તેમનું મોત થઈ ગયું.

અમિત સૈની કેદારનાથ હેલીપેડના નિરીક્ષણ માટે કેસ્ટ્રેલ એવિએશનના હેલીકોપ્ટરથી કેદારનાથ ગયા હતા. હેલીપેડ પર ઉતરતી વખતે હેલીકોપ્ટરની બ્લેડની ઝપેટમાં આવી જવાથી

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં માત્ર ને માત્ર ભારતે જ કરી શ્રીલંકાને મદદ : મોહન ભાગવત

નવી દિલ્હી, તા.૨૩

સંઘ પ્રમુખ મોહન ભાગવતે રવિવારે એક સભાને સંબોધિત કરી હતી. સભાને સંબોધતા સંઘના વડાએ કહ્યું કે, અમે વૈશ્વિક સ્તરે ધર્મ માટે આગળ વધી રહ્યા છીએ. સભાને સંબોધતા સંઘના વડાએ કહ્યું કે, અમે વૈશ્વિક સ્તરે ધર્મ માટે આગળ વધી રહ્યા છીએ. અન્ય દેશો મોટા થાય છે અને અન્ય લોકો પર લાકડીઓનો ઉપયોગ કરે છે. પહેલા રશિયા અને પછી અમેરિકાનું વર્ચસ્વ વધ્યું, પછી અમેરિકાએ દૂનિયાને ચલાવવાનું શરૂ કર્યું. હવે ચીનને એવું લાગી રહ્યું છે કે, તે અમેરિકાથી પણ આગળ નીકળી જશે.

મોહન ભાગવતે કહ્યું કે, અમેરિકા અને રશિયા યુક્રેનને પ્યાદુ બનાવીને લડી રહ્યા છે. આ બંને દેશો ભારતને કહે છે કે, અમારી બાજુ આવો. પરંતુ ભારત રશિયા – અમેરિકાને કહે છે કે, તમે પણ અમારા મિત્રો છો અને તમે અમારા મિત્ર પણ છો અને આ ત્રીજો તમારી વચ્ચે છે એ પણ અમારો મિત્ર છે. તેથી પ્રથમ હું તેને મદદ કરીશ. ભારત કહે છે કે, હું તમારામાંથી કોઈના પક્ષ લેતો નથી. આ સમય લડવાનો નથી. તેથી લડવાનું બંધ કરો.

RSS વડાએ કહ્યું કે, આજે ભારત ધર્મ માટે આગળ વધી રહ્યું છે. પહેલા શ્રીલંકા અને ચીન મિત્રો હતા. તેમણે પાકિસ્તાનને મિત્ર

● અનુસંધાન પાન-૭ પર

શ્રાવણ માસનાં પવિત્ર દિવસોમાં

(સુંદરધામ પરિવાર - ગાંધીનગર આયોજીત)

શ્રીમદ્ ભાગવત કથા

(સર્વે પીત્રુ મોક્ષ અર્થે યોજાશે)



શ્રી ભારતીબાપુ

ચાલો....ચાલો....ચાલો....

હરિદ્વાર

સપ્ટેમ્બર મહિનામાં ૨ થી ૧૦ તારીખ, ૯ દિવસ યાત્રા (૭) દિવસ કથા

રેલ્વે સ્લીપર કોચ આવવા-જવાનું / જમવા-રહેવા તમામ સગવડ સાથે.

યાત્રા ખર્ચ : રૂા.૫૭૦૦/- | AC રૂમ સાથે : ૬૭૦૦/-

પોતાની રીતે ટિકીટ લઈ આવનાર માટે યાત્રા ખર્ચ : ૪૫૦૦/-

યાત્રામા જોડાવવા રૂ.૧૫૦૦ આપી ફોર્મ ભરવાનુ રહેશે

નોધ-ફોર્મ ભરવાની છેલ્લી તારિખ ૧/૫/૨૩. સોમવાર છે

ભાગવતકથાં મુખ્ય યજમાન - સહ યજમાન - પોથી યજમાન બનવા

સંપર્ક : શ્રી ભારતીબાપુ : 81412 17050

9824531822, 9974093617, 9737067168

કિરણ ગોસ્વામી ૯૪૨૮૫ ૯૫૭૪૧